**વઢવાણના મહે. જયુડી.મેજી.ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં, મુ.વઢવાણ**

**<u>ફોજદારી કેસ નં. ૮૯૦/૨૦૨૬</u>**

**શ્રી સરકાર**

**...ફરીયાદી.**

**-: વિરૂદ્ધ :-**

**રાજેશભાઈ ઉર્ફે રાજુભાઈ સ/ઓ કાળુભાઈ ખાચર (કાઢી દરબાર)**

ઉ.વ.૩૦

રહે. સાંકળી મેઈન બજારમાં રામજી મંદિરથી આગળ, તા. વઢવાણ

**...આરોપી.**

**ગુનો ::- બી.એન.એસ. કલમ-૧૦૮, ૩૫૨, ૩૫૧(૩), ૧૧૫(૨) મુજબ**

***-:: <u>આંક-૧ લગત કમીટલ હુકમ</u> ::-***

આ કામના આરોપી વિરૂદ્ધ વઢવાણ પોલીસ સ્ટેશન તરફથી **બી.એન.એસ. કલમ-૧૦૮, ૩૫૨, ૩૫૧(૩), ૧૧૫(૨) મુજબ**ના ગુનાનું ચાર્જશીટ મુકવામાં આવેલ છે.

આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ની કલમ-૨૩૦ અન્વયે ચાર્જશીટ તથા પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલ છે અને તે અંગે ચાર્જશીટમાં સહી લેવામાં આવેલ છે. આરોપી હાલ જામીન મુકત છે.

આ કામના આરોપી સામે **બી.એન.એસ. કલમ-૧૦૮, ૩૫૨, ૩૫૧(૩), ૧૧૫(૨)** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલાનો આક્ષેપ છે. સદર ગુનાની ટ્રાયલ ચલાવવાની હકૂમત માત્ર નામ. સેશન્સ અદાલતને રહેલી છે અને અત્રેની અદાલતને હકૂમત નથી. જેથી, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ - ૨૩૨ અન્વયે સદર કેસ નામ. સેશન્સ જજ સાહેબશ્રી, સુરેન્દ્રનગરની અદાલત તરફ કમીટ કરવા સારૂ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

-// <u>હુકમ</u> //-

(૧) આથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ - ૨૩૨ અન્વયે આરોપી વિરૂદ્ધ નોંધાયેલ બી.એન.એસ. કલમ- **બી.એન.એસ. કલમ-૧૦૮, ૩૫૨, ૩૫૧(૩), ૧૧૫(૨)** મુજબના શિક્ષાપાત્ર ગુનાનો કેસ ન્યાયીક નિર્ણય અને નિકાલ સારૂ નામ. સેશન્સ જજ સાહેબશ્રીની અદાલત સુરેન્દ્રનગર સમક્ષ કમીટ કરવામાં આવે છે.

(૨) સદરહું કેસનું તમામ રેકર્ડ, મુદ્દામાલ અને પ્રોસીડીંગ્સ નામ. સેશન્સ અદાલત, સુરેન્દ્રનગર તરફ મોકલી આપવુ.

(૩) આરોપીએ પોતાના બચાવ માટે સ્વખર્ચે વકીલ રોકવા માંગતા હોવાનું પોતાના નિવેદનમાં જણાવેલ છે. આરોપીને મુદત તારીખ ૨૯/૦૭/૨૦૨૬ ના રોજ નામ. સેશન્સ ન્યાયાલય, સુરેન્દ્રનગર સમક્ષ રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે. સદરહું કેસ કમીટ થયા અંગેની જાણ સરકારી વકીલશ્રી, સુરેન્દ્રનગરનાઓને કરવી.

આ હુકમ આજરોજ તારીખ ૨૪ મી, માહે જુન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

તારીખ : સદર

સ્થળ : વઢવાણ

(જે. ડી. પટેલ)

જયુડી.મેજી.ફ.ક., વઢવાણ

કોડ નં. જીજે-૦૧૬૧૩